સૌની નિસ્બત

સલામત બાળપણ - સમૃધ્ધ બાળપણ
અંક : ૫ - ઓક્ટોબર / નવેમ્બર - ૨૦૧૮

શૈશવ


પરિવર્તનનું નેતૃત્વ બાળકો દ્વારા



એક મધ્યબિંદુમાંથી જેટલી ત્રિજ્યાઓ દોરી શકાય તેટલા બધા માર્ગ છે.

**- થોરો વોલ્ડન**

# મહત્તમ મેડલ્સ, રેકોર્ડમાંથી રદ ?



(૧૫ ઑગસ્ટથી ઑલિમ્પિક રમતો શરૂ થઈ હતી ત્યારે ઑલિમ્પિકમાં માનવતાના દ્રોહની શરમકથા)

આ શબ્દો લખવા માંડ્યા ત્યારે હવામાં ઑલિમ્પિક રમતો છે. દેશમાં એણે કાંઈ કેટલાય વિવાદ પેદા કર્યા છે, અને રાયો દ જાનીરોમાં જ્યાં એ રમતો રમાઈ રહી છે ત્યાં ઔર વિવાદ પેદા કરશે. ક્યાંક ઉત્સાહનો અતિરેક પણ થશે. ઑલિમ્પિક બાબતે હિન્દનો રેકોર્ડ એટલો ખરાબ છે કે કોઈ અગર પાંચસો રૂપિયાનો કાંસ્ય ચંદ્રક જીતી લાવે તોય રાજ્ય અને પંદરવીસ લાખનું ઈનામ આપશે ! આજકાલ આપણે ઘણી ઘણી બાબતોને રાષ્ટ્રીય દુરભીમાન સાથે જોડવા લાગ્યા છીએ. ક્રિકેટ એમાં એક છે. એવું જ ઑલિમ્પિકનું છે. હવે ટીવી જેવું માધ્યમ આવતા આ દુરભીમાનને ઔર પોષણ મળ્યું છે. આ માધ્યમોમાં ઘોંઘાટ વચ્ચે અમને યાદ આવ્યો એ માનવી જેણે ઑલિમ્પિક રમતોના સો વર્ષોના ઈતિહાસમાં સૌથી વધુ સુવર્ણ ચંદ્રક મેળવ્યા હતા, છતાં ઑલિમ્પિકની રેકોર્ડ બુકમાં એનું નામ નથી ! કોણ હતો એ વીરલ ખેલાડી ? રેકોર્ડ બુકમાં એનું નામ કેમ નથી ?

વાત ૧૯૧૨ની છે, જ્યારે પાંચમી ઑલિમ્પિક રમતો યોજાઈ હતી. ૧૮૯૬માં પ્રિન્સ પિયર્ર કુબરટીનના પ્રયાસોથી પુનઃ શરૂ થયેલી અઢી હજાર વર્ષ પુરાણી રમતસ્પર્ધાઓની ગ્રીક પરંપરા એટલા વર્ષોમાં તો ખુબ જાણીતી બની ગઈ હતી. જગતના એ વખતના ઘણાખરા દેશોમાં અઢી હજાર હરીફો પોતપોતાના પ્રાવિણ્ય પ્રદર્શિત કરવા પધાર્યા હતા. સ્પર્ધકોની આ સંખ્યા આજકાલને હિસાબે ઘણી ઓછી હતી.

૧૮૯૬થી જ વર્લ્ડ રેકોર્ડ્ઝ રચાવા લાગ્યા હતા. પછીના વર્ષોમાં એ રેકોર્ડ તુટવા પણ લાગ્યા હતા. પણ ૧૯૧૨માં એક માનવીએ કેટલાક એવા રેકોર્ડ સ્થાપિત કર્યા જે સો-સો વર્ષો સુધી તુટી ન શક્યા. સંખ્યામાં ઠીક ઠીક ઓછી સ્પર્ધાઓ જ્યારે યોજાતી એવા એ જમાનામાં અગીયાર જેટલી સ્પર્ધાઓમાં સુવર્ણચંદ્રક માત્ર એક માનવી જીતી ગયો હતો. એ પછી આજ સુધી એટલા સુવર્ણચંદ્રકો એક જ ઑલિમ્પિક્સમાં જીતવાનો કોઈનો રેકોર્ડ નથી... સમજો કે એ એકલા માણસે વિશ્વવિજય કર કે દિખલા દીયા !

અને છતાં... અને છતાં એ માણસનું નાજ ઑલિમ્પિક્સની રેકોર્ડબુક્સમાં ક્યાંય નથી ! ઑલિમ્પિક રમતોનો અધિકૃત ઈતિહાસ લખનારા પણ એ માનવીને ગુપચાવી દે છે. માત્ર કેટલાક માનવવાદીઓ, સમતાવાદીઓ અને ઈન્સાફવાદીઓ એને યાદ કરે છે. કારણ કે એની કહાણી ગરીબો પ્રત્યે, અશ્વેત લોકો પ્રત્યે, ભોળા લોકો પ્રત્યે સ્થાપિત હિતો દ્વારા આચરવામાં આવતા નિકૃષ્ટ અન્યાયની કહાણી છે.

જે માનવીને ગત સદીનો અથવા ગત મિલેનિયમનો સર્વશ્રેષ્ઠ ખેલાડી ગણવો જોઈએ... ભલે નીયમોને બહાને સ્વાર્થસાધુઓ અને અવગણે, પરંતુ જગતભરના દરિદ્ર નારાયણોએ જેને હૈયાસરસો ચાપવો - સ્થાપવો જોઈએ એવા ખેલાડીનું નામ હતું જેમ્સ ફ્રાન્સીસ થૉર્પ (James Francis Thorps) ટુંકમાં જીમ થૉર્પ.

એનો જન્મ અમેરિકાના ઓકલાહોમાં રાજ્યના નાનકડા નગર પ્રાગની સીમમાં થયો હતો. ઓકલાહોમાને ત્યારે 'રાજ્ય'નલ દરજ્જો મળ્યો નહોતો. અમેરિકી સરકારે એને બધા ફાજલ ઈન્ડિયનો (રેડ ઈન્ડિયનો)ના વિશાળ વાડાયાને અભ્યારણ્યમાં ફેરવવાનું શરૂ કર્યું હતું.

બધેથી વીણીવીણીને ઓકલાહોમાં નામના વિરાટ વાડામાં હાંકવામાં આવેલા આ લોકો લાકડાના સાદાં ઘર બાંધીને રહેતા અને ધરતી સાથે કુસ્તી કરીને રોટલો પેદા કરી લેતાં. અન્યંત પરીશ્રમી અને પ્રામાણિક એ ભોળીયાં લોકોને સમજાતું નહોતું કે ગોરા માનવી કરતાં પોતે ક્યાં અને કેવી રીતે જુદા છે ? ગોરા માનવીના સુખ માટે લાખો-લાખો ઈન્ડિયનોની કતલ શા માટે જરૂરી છે ? ઈન્ડિયનો જીવો અને જીવવા તો સિવાય કોઈ મંત્ર જાણતા હતી. નામના જીમને તો વળી નિર્દોષતાનું વરદાન હતું.

કેટલાક માનવતાવાદી ગોરાઓએ આખરે અમેરિકન સરકારને સમજાવી હતી. જે ઈન્ડિયનો બચ્યા છે એમને હવે જીવવા દો. ભણવા દો. અમેરિકન સમાજમાં ભળવા દો. આવા સજ્જનોએ ઈન્ડિયનો માટેની શાળાઓ ખોલી. જીમને આવી એક સ્કૂલમાં મુકવામાં આવ્યો. મૂળે એ પ્રકૃતિબાળ હતો. હરણાં અને ઝરણાં સાથે દોડની હરિફાઈ કરતો. પવનને પકડવા ધસતો. શીલાઓ કુદી જતો. ઉડતા પંખી પકડતો. પવનને પકડવા ધસતો. એનાં અસ્થી અને સ્નાયુ એવાં તો કસાયાં કે સાવ અમાનવીય લાગે એવા કામ

એ કરી શકતો. પુરા છ ફૂટ ઉંચો અને ૧૬૦ રતલ (આશરે ૭૫ કિલો) વજનનો જીમ ઈન્ડિયન હોવાને કારણે તાંબાવરણી ત્વચા ધરાવતો હતો. આગળ જતાં એ મેન ઓફ બ્રોન્ઝ (કાંસ્ય પુરૂષ)ની ઉપમા પામવાનો હતો.

પ્રાગમાં ભણતર પુરૂં કરીને એ પેનસિલ્વાનિયાના કાર્લાયિલ નગરે પહોંચ્યો. ત્યાં દેશભરની એક જ ઈન્ડિયન હાઈસ્કૂલ હતી. દેશની અનેક ટોળીઓ (ટ્રાઈબ્સ)ના ઈન્ડિયન છોકરાઓ અહીં ભ્રાતૃભાવે ભેગા રહેતા અને ભણતા. કેટલાક ભલા ગોરાઓની ભાવના હતી કે આ ઈન્ડિયનો અમેરિકાની મુખ્ય ધારામાં ભળી જશે. પરંતુ બહુમતી ગોરાઓની ભાવના એવી નહોતી. જીમ થૉર્પ વિદ્યાર્થી તરીકે બહુ હોંશિયાર નહોતો, પરંતુ દોડધામ ખુબ કર્યા કરતો. કાર્યાયિલની શેરીઓમાં વીજળી-ઝડપે પસાર થઈ જતો. લોકો કહેતા આ તો પેલો ક્રેઝી ઈન્જન ! પાગલ ઈન્ડિયન !

લોકો ભલે પાગલ કહે, જીમને મન દોડવું એક ધર્મ હતો. આનંદ હતો. દોડવાથી એના મનને શાંતિ સાંપડતી.

એની દોડ જોઈને એના શિક્ષકે એને દોડ-હરિફાઈમાં દાખલ કર્યો. એ નગરનો શ્રેષ્ઠ દોડવીર બન્યો. પછી ફૂટબોલનો શ્રેષ્ઠ ખેલાડી બન્યો. તે એટલો સારો ફુટબોલ ખેલાડી હતો કે એક બાજુ આખી ટીમ હોય અને એક બાજુ એકલો થૉર્પ હોય તો તે જ જીતે ! આમ કરતાં એ ૨૪ વર્ષનો થયો અને ૧૯૧૨ની ઑલિમ્પિક રમતો યોજાઈ. શહેર હતું સ્ટોકહોમ. ત્યારે રમતમાં ભાગ લેવાના નિયમો ચુસ્ત નહોતા. એક ખેલાડી ધારે તેટલી સ્પર્ધાઓમાં ભાગ લઈ શકતો. પણ અક નિયમ એવો હતો જેણે જીમની સુવર્ણમય કારકિર્દી પર કાળું પોતું ફેરવી દીધું. પણ એની વાત કરતાં પહેલાં એના ગૌરવની કથા જાણીએ. મજાની વાત એ છે કે ૧૯૧૨ સુધી જેણે 'ઑલિમ્પિક' શબ્દ પણ નહોતો સાંભળ્યો એવા જીમ થૉર્પ ઐતિહાસિક સિદ્ધિ મેળવી.

પેન્ટેથ્લોનમાં ૨૦૦ મીટર દોડ, ૧૫૦૦ મીટર દોડ, લાંબો કુદકો, અડાળી ફેંક (ડીસ્કસ થ્રો) અને ભાલા ફેંકનો સમાવેશ થાય છે. થૉર્પ આ પાંચેયમાં આગળ રહ્યો. એટલો આગળ રહ્યો કે અન્ય સૌ એનાથી ક્યાં...ય પાછળ રહ્યા ! પાંચે સ્પર્ધામાં એણે અગાઉના રેકોર્ડ તોડી નાખ્યા.

પછી એણે ડીકેથ્લોનમાં ઉમેદવારી નોંધાવી. એમાં દસ પ્રકારની રમતોનો સમાવેશ થાય છે. લાંબો કુદકો, ઉંચો કુદકો, ગોળા ફેંક, ભાલા ફેંક, વાંસ કુદકો, અડાડી-ફેંક, ૧૦૦ મીટર દોડ, ૪૦૦ મીટર દોડ, ૧૫૦૦ મીટર દોડ અને છેલ્લા ૧૧૦ મીટર વિઘ્ન-દોડ. એ દસેય રમોતમાં થૉર્પને સુવર્ણચંદ્ર મળ્યા. અરે, એ વખતે એણે સ્થાપેલા કેટલાક વિક્રમ સો વર્ષ સુધી તુટ્યા પણ નહીં.

રમતોને અંતે એ અમેરિકા પાછો ફર્યો ત્યારે બડા દેશવિજેતા જેવું એનું સન્માન થયું. એ રાષ્ટ્રીય પ્રતિષ્ઠા મૂર્તિ (ICON) બની ગયો. સહ-ખેલાડીઓનો લાડીલો બન્યો.

રેડ ઈન્ડીયનો માટે તો એ દેવતાતુલ્ય બન્યો !

અને ત્યારે જ આખું આકાશ કડડભુસ કરતું એને શીરે તુટી પડ્યું. કોઈકે એને ભુતકાળની ખણખોદ કરીને શોધી કાઢ્યું કે એણે ધંધાદારી ફુટબોલ અને બેઝબોલમાં ભાગ લીધો હતો ! અને એક નિયમ તો ૧૮૯૬માં પણ હતો અને આજે પણ છે કે ઑલિમ્પિક્સમાં માત્ર અવેતન (ઍમૅચ્યોર) ખેલાડીઓ જ ભાગ લઈ શકે. પગારદાર કે ભાડુતી ખેલાડી તરીકે જેમણે કામ કર્યું હોય તેઓ ગેરલાયક ઠરે છે.

જીમનો ભુતકાળ ખોદીને કાદવ કાઢનાર કોણ હતું એ જણાતું નથી. કદાચ અદેખાઈનો માર્યો કોઈ ખેલાડી હશે. કદાચ એક ઈન્ડીન આવો યશ મેળવી જાય તે સહન કરી ન શકનાર કોઈ ગોરો અમેરિકન હશે. (૨૦૧૬માં એવાઓની અમેરિકામાં ક્યાં ખોટ છે !) એ તો જે હોય તે, પરંતુ ઑલિમ્પિકની સમગ્ર તવારીખમાંથી એનું નામ ભુંસી નાખવામાં આવ્યું. ઈતિહાસને માટે જીમ થૉર્પ અ-વ્યક્તિ બની ગયો. કમાલની કાબેલિયત લાખોના ટોળાં સામે દાખવી જનાર એક ખેલાડી જાણે કદી હયાત જ નહોતો...

કલ્પી શકો છો, જીમને કેટલો આઘાત લાગ્યો હશે ! કલ્પી શકો છો, ઓકલાહોમના ઈન્ડીયનોને શું વીત્યું હશે ? એણે અમેરિકન-ઈન્ડિયનની એક ભવ્ય ઉજળી મૂર્તિ બાકીની દુનિયા સમક્ષ પેશ કરી હતી. ગોરાઓએ ઈન્ડિયનોને માત્ર મસ્તક-ફાડુ જંગલી તરીકે ચીતર્યા હતા. જીમ થોર્પે એ છબી ભુંસી નાખી. પરંતુ કોઈ અદેખા ગોરાએ થૉર્પના કર્યા-કરાવ્યા પર પાણી ફેરવી દીધું.

જીમ થૉર્પ સંપૂર્ણપણે ભોળેભાવે ઑલિમ્પિક્સમાં ગયો હતો. પ્રવૃત્તિના એ બાળના હૈયામાં દુષ્ટતા નહોતી. અને આવા કશા નિયમનોની ખબર નહોતી. વેકેશનમાં વતનને ગામ જઈને લાકડા ફોડવાને બદલે એ બે પૈસા રળી લેવા પુરતો જ ફૂટબોલ-બેઝબોલ રમતો.

પછીથી એક વિશ્લેષકે પ્રશ્ન ઉઠાવ્યો છે : જીમ થૉર્પની જગાએ કોઈ ગોરો અમેરિકન હોત તો એના ભુતકાળનો કાદવ ઉછાળવામાં આવ્યો હોત ? જીમ ઈન્ડિયન હતો એટલા જ વાંકસર એના અમરત્વને છીનવી લેવામાં આવ્યું.

અને આ ઈન્ડિયનપણું અને બાકીની જીંદગી પણ સતાવતું રહ્યું. થોડા વર્ષ વ્યવસાયી ફૂટબોલ અને બેઝબોલ રમ્યા પછી એ રમતો બંધ થયો. આવા વરિષ્ઠ ખેલાડીને સામાન્ય રીતે કોચ (પ્રશિક્ષક)ની કામગીરી મળતી હોય છે. પણ જીમને એ ઈન્ડિયન હોવાને કારણે ન મળી. થાકીને એણે ૧૯૨૬માં બધા જ ખેલાડીઓ ઈન્ડિયન હોય એવી ફૂટબોલ ટીમ બનાવી. પોતાનું હીર નીચોવીને ટીમને તાલીમ આપી. પરંતુ તમે સારા ગુરૂ હો એટલે સારા ચેલા મળે જ એવું તો ન બને. દ્રોણને પણ કૌરવો મળ્યા હતા ને? ઓલ ઈન્ડિયા ફૂટબોલ ટીમ એ જ વર્ષે તુટી પડી !


એ સાથે જ રમતગમત ક્ષેત્રેની જીમ થૉર્પની કારકિર્દીનો અંત આવી ગયો. ૧૯૨૬ પછીનો જીમ થૉર્પ જુના જીમના કાળા પડછાયારૂપ રહ્યો. ગુસ્સાખોર, મીજાજી, કજીયાખોર અને આળસુ ! ભાવનાશાળી નાગરિકોએ તેને અહીંતહીં નોકરીધંધે વળગાડવા કોશિશ કરી. જીમ ક્યાંય ઠરીઠામ ન થયો. મિત્રોએ એને માટે ઉઘરાણા કર્યાં. એ રકમને જીમે દારૂમાં અને ઉડાઉગીરીમાં ખર્ચી નાખી. એ દેશભરમાં રખડ્યો. પણ એક સમયના 'નેશનલ હિરો'ને હવે કોઈ ઓળખતું નહીં. એ ઈન્ડિયન છે એ જાણતા જ લોકો એને હડધૂત કરતાં. નસીબ અજમાવવા એ હોલીવુડ, કેલિફોર્નિયા ગયો. અહીં ક્યારેક કોઈ દિગ્દર્શક એને ફિલ્મમાં નાનકડી ભુમિકા આપી દેતા. ક્યારેક એક ટંકના રોટલા માટે એકસ્ટ્રા તરીકે ઉભા રહેવું પડતું.

અલબત્ત, ક્યારેક કોઈ અખબારી લેખક કે રીપોર્ટરને એ યાદ આવી જતો. ઑલિમ્પિકની આજુબાજુના સમયમાં એને વિશે લેખ લખાતા. ઈન્ટરવ્યૂ લેનારા એ બહાને એને જમાડે ત્યારે એનો દહાડો સુધરી જતો ! એટલા માટે નહિ કે એને યાદ કરવામાં આવ્યો, પરંતુ એટલા માટે કે મફતમાં એક ટંક ભોજન મળી ગયું !!

જે 'મહાન અમેરિકન સમાજ'નાં ગાણાં હવે તો આપણા દેશના ઉચ્ચ સત્તાધારીઓ પણ ગાવા લાગ્યા છે એ અમેરિકાએ અપૂર્વ-અદ્ભુત એક રમતવીરની કરેલી કદર એટલે જીમ થૉર્પના આખરી દીવસો. આવી કરૂણઅને ઓંશિયાળી જીંદગીનો ૨૮ માર્ચ, ૧૯૫૩ને દિવસે અંત આવ્યો ત્યારે જવલ્લે જ કોઈને યાદ હતું કે એક રેડ ઈન્ડિયને એકલે હાથે સમગ્ર ઑલિમ્પિક પર વિજય મેળવ્યો હતો. એની બેરહમીનું કારણ એટલું જ હતું કે એ શાસક વર્ગનો નહોતો. એક આદિવાસી હતા.

(નોંધ : પછીથી જેમ્સ ફ્રાન્સીસ થૉર્પની વીરલ ગાથા નિરૂપતી ફિલ્મ 'મેન ઑફ બ્રોન્ઝ' નામે બની હતી અને ઉત્તમ કલાકાર બર્ટ લેન્કેસ્ટરે જીમની ભુમિકા પુરી સચ્ચાઈપુર્વક ભજવી હતી)

(સૌજન્ય : શ્રી યશવંત મહેતા, નયામાર્ગ તા.૧-૯-૧૬ના અંકમાંથી સાભાર yeshwant.mehta.1938@gmail.com)



## પેપર ક્લિપ્સ : ૬ મિલિયન એટલે કેટલા ?

હિટલરે કેટલાક યહૂદીઓને મોતને ઘાટ ઉતાર્યા હતા તેની ખબર છે ? દસ-વીસ નહિ, બસો-પાંચસો કે દસ-વીસ હજાર નહિ પણ પૂરા ૬૦ લાખ યહૂદીઓને મોતને ઘાટ ઉતાર્યા હતા, બોલો.

આવું તો કંઈ થતું હશે ? ટીચર, તમે મજાક કરો છો ? મોતનો મલાજો જાળવવાનો હોય. આવી મજાક ન કરાય, હોં ટીચર !

હિટલરે કુલ ૬ મિલિયન અર્થાત ૬૦ લાખ યહૂદીઓને મારી નાખેલા એ એક ઐતિહાસિક હકીકત છે. એ એક સાચી બનેલી હકીકત છે, એમાં અતિશયોક્તિ નથી.

સન્નાટો છવાયેલા એ વર્ગના સ્તબ્ધ થયેલાં સૌ બાળકોમાંથી થોડીવારે હાથ ઊંચો કરી એક છોકરીએ પૂછ્યું : મેડમ, વાત જરા વિચિત્ર છે. પૃથ્વી પર ૬ મિલિયન યહૂદીઓ એટલે શું ? બીજા વિદ્યાર્થીઓએ ટાપસી પૂરતાં પૂછ્યું : હા, ૬ મિલિયન એટલે કેટલા થાય ? એટલી ... તો હું કલ્પના પણ કરી શકતો નથી.

અમેરિકાના ટેનેસી રાજ્યના મેરીઆન કાઉન્ટીના પર્વતીય પ્રદેશમાં .. માત્ર ૧૬૦૦ લોકોની વસ્તીવાળા નાનકડા ગામ વિટવેલની મિડલ સ્કૂલના એક વર્ગમાં શિક્ષિકા-વિદ્યાર્થીઓ વચ્ચે આ સંવાદ ચાલી રહ્યો હતો.

મારી શાળાના બાળકોનો બહારની દુનિયા સાથે નહિવત સંપર્કને કારણે તેઓ જેટલા ખીલવાં-ખૂલવાં જોઈએ તેમ થતું નથી. હું શાળામાં એવું શું કરું કે જેથી આ ઊણપ દૂર થાય ? - શાળાના આચાર્યા લીન્ડા હૂપરને પીડતો પ્રશ્ન આ છે.

લીન્ડા, હોલોકોસ્ટ (Holocaust) વિશે તમે શું જાણો છો ? - શાળાના ઉપાચાર્ય ડેવિડ સ્મિથ શિક્ષકોની એક કોન્ફરન્સમાંથી આવ્યા બાદ કશા જ પૂર્વાપર સંબંધ વિના કે વાતની માંડણી વિના પૂછી રહ્યા છે.

નાઝીઓએ યહૂદીઓની કતલ કરી હતી એ અંગેની વાત, શાળાના ઉપાચાર્ય ડેવિડ સ્મિથને મન મહત્ત્વની - શાળાનાં બાળકોના શિક્ષણ માટે મહત્ત્વની - જણાઈ છે. આચાર્યા લીન્ડાને એ સમજાવી રહ્યા છે... : આપણા બાળકોને વિવિધતાનું જ્ઞાન કેવી રીતે આપવું તે અંગે આપે જ તો વિચારવાનું સૂચવેલું. મને વિચાર કરતાં લાગે છે કે જુદી જુદી વ્યક્તિઓ કે જાતિઓ વચ્ચે સમભાવ કે સહિષ્ણુતા ન હોય તો એનું અંતે કેવું પરિણામ નીપજે તે શીખવવા માટે આ ઉદાહરણ મારી દૃષ્ટિએ શ્રેષ્ઠ છે.

જો વ્યક્તિ, જાતિ કે દેશ પ્રત્યે અસહિષ્ણુતા વધે તો તેનું પરિણામ કેવું આવે તે - જર્મન શાસકોની યહૂદીઓ પ્રત્યેની ધિક્કારની અને અસહિષ્ણુતાની લાગણી કેવી રીતે હોલોકોસ્ટ (Holocaust)ના નિર્માણમાં પરિણમે છે તે - દર્શાવવા એક શૈક્ષણિક પ્રોજેક્ટ કરવાનું નક્કી થાય છે.

બાહ્ય દુનિયાથી અજાણ આ બાળકો જર્મની દેશ, અને નેતા હિટલર અને એના અરેરાટી ઊપજે તેવા ક્રૂર કાર્યો વિશે જાણશે ત્યારે એમનાં મન પર કેવી અસર થશે ? એમના વાલીઓ શું વિચારશે ? - વાલીઓની મિટીંગ બોલાવવામાં આવી. વાલીઓની પણ સંમતિ મળી.

ભૂતકાળમાં આ જ શાળામાં ભણેલા અને ભાષાશિક્ષણનું કામ કરતા નેતૃત્વનો ગુણ ધરાવતાં - વિદ્યાર્થીઓના લાડીલાં શિક્ષિકા - સેન રોબર્ટ્સને આ પ્રોજેક્ટ માટે વિદ્યાર્થીઓ સાથે કામ કરવાનું સોંપાયું ત્યારે એમને પોતાને ય હોલોકોસ્ટની ઘટના વિશે વિશેષ જાણકારી નહતી !

૬ મિલિયન એટલે કેટલા ? ૬ મિલિયનનો ખ્યાલ ગળે ઊતરે એટલે શું કરવું ? આપણે કોઈ એક ચીજ નક્કી કરી, એનો ૬ મિલિયન ગણીને ઢગલો કરીએ - એક વિદ્યાર્થીએ ઉપયોગી સૂચન કર્યું ! એવી કઈ વસ્તુ લઈએ અને ભેગી કરીએ ?

પેન ? પેન્સિલ ? રબર ? બટન ? - સૂચનો આવતાં ગયાં ? ત્યાં એક સૂચન આવ્યું - પેપર ક્લિપ્સ !

તને આ વિચાર કોણે આપ્યો ? - ઈન્ટરનેટ !

પોતાની મમ્મીના કોમ્પ્યુટર પરથી આ બાળકે જાણ્યું છે કે...

હોલોકોસ્ટમાં પેપર ક્લિપ્સનો રોલ મોટો હતો ! નાઝીઓએ નોર્વે ઉપર આક્રમણ કર્યું ત્યારે તેઓએ યહૂદીઓને અલગ તારવી, ભેગા કરી, કોન્સન્ટ્રેશન કેમ્પમાં લઈ જવા વહાણ પર ચઢાવ્યાં. યહૂદી સિવાયના નોર્વેજીયનોને એ યહૂદીઓને આ રીતે લઈ જવાયા તે ગમ્યું નહોતું. તેઓએ પહેરેલ શર્ટ પર પેપરક્લિપ લગાવીને તેનો વિરોધ કરેલો. યહૂદીઓએ પોતાનાં કપડાં પર સ્ટાર/તારો

લગાવવો ફરજિયાત હતું ને ? નોર્વેજીયનોએ વિરોધ પ્રદર્શન માટે સ્ટારને બદલે પેપરક્લિપ પસંદ કરી ! એ સમયે નાઝીઓએ કરેલા આક્રમણવાળા દેશોમાં માત્ર નોર્વેએ આ રીતે વિરોધ કરવાની હિંમત અને ખુમારી દાખવેલા !

એ યોગાનુયોગ જ હશે કે ? ઈ.સ.૧૮૯૯માં જોન વાલેર (John Vaaler) એ પેપરક્લિપની શોધ કરેલી અને એ પોતે નોર્વેજીયન હતો.

અંતે સૌએ પેપરક્લિપ્સ માટે સંમતિસૂચક મહોર મારી... અને હોલોકસ્ટના આ વર્ગમાં પેપરક્લિપ્સ એકઠી કરવાનું અભિયાન શરૂ થયું - ૬ મિલિયન પેપરક્લિપ્સ ! એક નાનું શું અભિયાન જે આ શાળા અને ગામની શિકલ બદલી નાંખનાર છે એનો એ વખતે તો ક્યાં કોઈનેય અણસાર સુદ્ધાં હતો...?

અને સંવેદનાનો આ તંતુ માત્ર ૬ મિલિયન યહૂદીઓ પૂરતો સિમિત નથી રહેતો. નાઝીઓએ માત્ર યહૂદીઓને માર્યા નથી. યહૂદી સિવાય અનેક લોકોને માર્યા છે - એમના રાજકીય વિરોધીઓને, એમની વિચારધારામાં ન માનનારાઓને, વિકલાંગોને, અશક્તોને, ઠીંગણા કદવાળાઓને, સજાતીય સંબંધ ધરાવનારાઓને. શુદ્ધ આર્ય લોહી જેમાં વહે છે તેવા લોકો જ જીવવાને લાયક છે એમ નાઝીઓ માનતા. સંવેદનાની સાથે સાથે ૬ મિલિયન આંકડોય વિસ્તાર પામીને ૧૧ મિલિયન પર પહોંચે છે. યુદ્ધમાં નાઝી અત્યાચારનો ભોગ બનનાર કુલ ૧૧ મિલિયન વ્યક્તિઓ હતી. આપણે ૧૧ મિલિયન પેપરક્લિપ્સ ભેગી કરીને જ જંપીશું.

જો વ્યક્તિ, જાતિ કે દેશ પ્રત્યે અસહિષ્ણુતા વધે તો તેનું પરિણામ કેવું આવે તે સમજાવી સંવેદના જગાવવાનું શરૂ થયેલી વાત ૬ મિલિયન એટલે કેટલા ? - એનો ખ્યાલ આપવાનું નિમિત્ત પકડીને નાનકડી શાળામાં શરૂ થયેલો પ્રોજેક્ટ અનેક પરિણામો ખોલતો જાય છે અને માનવજાતને પ્રેમ અને શાંતિનો સંદેશ આપી જાય છે. શાળાની સીમા વટાવી આખા ગામના બની રહેતા આ પ્રોજેક્ટમાં દેશ-વિદેશ જોડાય છે અને અંતે આકાર પામે છે - હોલોકોસ્ટ મેમોરિયલ !


હોલોકોસ્ટમાંથી બચી જનાર શ્રી લેના ગીટર આ બધું થઈ રહ્યું છે ત્યારે ૯૫ વર્ષની ઉંમરે હયાત છે. બાળકોને એમના પત્રમાં લખે છે.. : હું પોતે હોલોકોસ્ટમાંથી બચી ગઈ છું. શિક્ષિકા છું. વળી, ઉદાસીનતા અને અસહિષ્ણુતા ક્યાં લઈ જઈ શકે તેની હું સાક્ષી રહી ચૂકેલી છું... તમારા પ્રોજેક્ટ વિશે સાંભળીને હું રડી હતી. મારા રડવાનું કારણ એ હતું કે... તમે લોકો નવા ઉદયમાન થનારા યુગના આખરી વસિયતનામારૂપ છો. એમાં આવી રહેલી જવાબદારી, કર્તવ્યશીલતા અને સાથે હૃદયની ભીનાશ એ ભલમનસાઈના યુગની એંધાણી છે.... અશ્રુભીની આંખે મારું મસ્તક તમને નમે છે.

મેમોરિયલ જોઈને બહાર નીકળતાં મુલાકાતીઓ એક બોર્ડ જુએ છે. એમાં લખ્યું છે : તમે સ્મારક જોઈને વિદાય લો છો ત્યારે તમારી જાતને પૂછજો - પ્રેમ અને સહિષ્ણુતાનો સંદેશો વિશ્વમાં પ્રસરાવવામાં હું શું કરી શકું ?

નાનકડી વાતના તંતુનો છેડો જેમ એ શાળા, એ ગામ, એ દેશ સાથે સંકળાયેલા સૌએ પકડ્યો તેને અહીં ગુજરાતના બેઠા, ગુજરાતી વાંચતા આપણેય પકડી શકીએ, એ સૌ સાથે આપણા પ્રેમલાગણી જોડી શકીએ એવો અવસર શ્રી રસીલા કડિયાએ આપણને આપ્યો ! 'પેપરક્લિપ્સ ડોક્યુમેન્ટરી' અને પુસ્તક ૬ મિલિયન પેપરક્લિપ્સ શ્રી રસીલાબેનને શોધતાં જાણે આવી મળે છે અને એ સમગ્ર ઘટનાક્રમ એમની કલમે ભાવાનુવાદ રૂપે આપણી સમક્ષ જીવતો થાય છે. કથાવસ્તુની આટલી ભૂમિકા બાંધીને એટલેથી જ મારે જાણી-સમજીને અટકવું છે. એ નાનકડાં બાળકો અને એ પ્રોજેક્ટમાં સંકળાયેલા સૌ સાથે આપણને જોડવાની, એ પ્રોજેક્ટમાં ભળવાની તક મળે એ અપેક્ષાએ રસ ધરાવતા સૌ આપેલા સરનામે સંપર્ક કરી પુસ્તક મેળવી શકશે.

પુસ્તક વાંચીને આપણનેય જો પ્રશ્ન થાય કે...પ્રેમ અને સહિષ્ણુતાનો સંદેશો વિશ્વમાં પ્રસરાવવામાં હું શું કરી શકું ? ... તો શ્રી રસીલાબેનની જેમ આપણેય ઘેર બેઠાં આપણાં પ્રેમ-લાગણીનો તંતુ જોડી શકીશું - એ સૌ બાળકો સાથે, વિશ્વયુદ્ધમાં અને હોલોકોસ્ટમાં ભોગ બનનાર સૌ સાથે અને સમગ્ર વિશ્વ સાથે !

- પુસ્તક રજૂઆત : ડૉ. અશોક ગોહિલ



**પુસ્તક : પેપરક્લિપ્સ**

પ્રકાશક : આર્કેડીયા ફાઉન્ડેશન, ૮, જયમા સોસાયટી, માનસી સર્કલ સામે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
પ્રથમ આવૃત્તિ : ૬/૬/૨૦૧૮,
મૂલ્ય : રૂ.૬૦/-

## બાળ અધિકાર તાલીમ અને સંશોધન કેન્દ્ર

**શૈશવ દ્વારા અન્ય સંસ્થાઓમાં તાલીમ**

- સેવા-રૂરલ ગ્રામીણ ટેકનીકી કેન્દ્રના વિદ્યાર્થીઓને નિયમિત તાલીમ આપવાના ભાગરૂપે કેન્દ્રના ઈન્સ્ટ્રક્ટર-શિક્ષકોને તા. ૧-૧૦-૧૮ તેમજ ૨૦-૧૦-૧૮ના રોજ જીવન કૌશલ્યો અંગેની તાલીમ ફાલ્ગુનભાઈ દ્વારા આપવામાં આવી હતી.
- અતાપી સેવા ફાઉન્ડેશન ગજેરા (જિ.ભરૂચ)ના કાર્યકરો સાથે ૩ અને ૪ ઓક્ટોબરના રોજ બાળ અધિકારો તથા બાળ સંગઠન અંગેની તાલીમ ફાલ્ગુનભાઈ અને અલ્પેશભાઈ દ્વારા આપવામાં આવી હતી.
- વડોદરા સ્થિત કોશિષ મિલાપ સંસ્થાના ૩૦ બાળકો અને ૫ કાર્યકરો સાથે જીવન કૌશલ્યો-લીડરશીપ અંગેની તાલીમ શૈશવમાંથી અલ્પેશભાઈ અને જયેશભાઈ દ્વારા ૧૩-૧૪ ઓક્ટોબરના રોજ આપવામાં આવી હતી.
- દિપક ફાઉન્ડેશન, વડોદરા સંચાલિત સમાજ સુરક્ષા સંકુલ, ચિલ્ડ્રન હોમના ૧૫ કાર્યકર ભાઈ-બહેનો તથા લગભગ ૧૨૫ ઉપરાંત બાળકો સાથે જીવન કૌશલ્યો અંગેની તાલીમ ૩૦ અને ૩૧ ઓક્ટોબરના રોજ ફાલ્ગુનભાઈ અને અલ્પેશભાઈએ આપી હતી.
- ૩૧ ઓક્ટોબર અને ૧-૨ નવેમ્બરના રોજ સર્વોદય પરિવાર આશ્રમ શાળા-ખડકી તા.ધરમપુરના બાળકો સાથે ૩ દિવસની પ્રવૃત્તિ તાલીમ શિબિર યોજવામાં આવી હતી. તેમાં શૈશવમાંથી ગૌતમભાઈ, દક્ષાબહેન અને જયેશભાઈએ સેવાઓ આપી હતી.

**શૈશવના કાર્યકરોની તાલીમ**

- ૬ અને ૭ ઓક્ટોબરના રોજ શૈશવના કાર્યકરો સાથે ભૂગોળ અને પર્યાવરણની પ્રવૃત્તિઓની તાલીમ ગૌતમભાઈ દ્વારા અને જીવન કૌશલ્યોની પ્રવૃત્તિઓની તાલીમ અલ્પેશભાઈ દ્વારા આપવામાં આવી હતી. જ્યારે ૧૦ ઓક્ટોબરના રોજ ચાઈલ્ડ સેફટી વીક અંગેની તાલીમ ફાલ્ગુનભાઈ દ્વારા આપવામાં આવી હતી.
- Life Beyound Development - પર્યાવરણ અને જીવન અંગેની તાલીમ શૈશવના કાર્યકરો સાથે ૩૦-૩૧ ઓક્ટોબર અને ૧ નવેમ્બરના રોજ ઈશાબહેન અને આશાવરીબહેન દ્વારા આપવામાં આવી હતી.
- ૨ નવેમ્બરના રોજ કિશોરાવસ્થા અંગેની પ્રવૃત્તિ તાલીમ શૈશવના કાર્યકરો માટે યોજવામાં આવી હતી. જેની તાલીમ અલ્પેશભાઈએ આપી હતી.



# વિદેશ મુલાકાત

લોરીયસ સ્પોર્ટસ ફોર ગુડ - યુકે દ્વારા પેરિસમાં ૧૪ થી ૧૭ ઓક્ટોબર દરમ્યાન આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ યોજવામાં આવી હતી. આ કોન્ફરન્સમાં જાણીતા ઓસ્ટ્રેલિયન ક્રિકેટર સ્ટીવ વોગથી લઈને અનેક દિગ્ગજ રમતવીરો અને વિવિધ દેશોના સંસ્થાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ કોન્ફરન્સમાં આમંત્રિત કરતાં શૈશવના ડાયરેકટર પારૂલબહેને પણ પ્રતિનિધિત્વ કર્યું હતું. આ કોન્ફરન્સમાં કિશોરીઓ અને બહેનોના સ્વરક્ષણ માટેની તાલીમ પદ્ધતિ 'વેનલીડો' અંગે પારૂલબહેને વિશેષ વાર્તાલાપ અને નિદર્શન આપ્યા હતા, જેને ઉપસ્થિતિ સૌએ ઉમળકાભેર વધાવ્યો હતો. આમ શૈશવનું ગૌરવ વધ્યું છે.

આ નિમિત્તે પારૂલબહેને પેરિસમાં કેટલીક સંસ્થાઓની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત શૈશવના બાલદોસ્ત અને વોલન્ટીયર્સ શિવ અને અનિકાના આમંત્રણથી નોર્વે-ઓસ્લોની વિઝીટ ૧૯ થી ૨૪ ઓક્ટોબર દરમ્યાન કરી હતી. ઓસ્લો યુનિ.ના શિક્ષણ વિભાગમાં 'ભારતની શિક્ષણ વ્યવસ્થા અને પડકારો' અંગે વકતવ્ય આપ્યું હતું. શિવ અને અનિકાની મદદથી શૈશવની પ્રવૃત્તિઓ અંગે સ્થાનિક લોકો સાથે મીટીંગો યોજી હતી. ત્યારબાદ ૨૫ થી ૫ નવેમ્બર દરમ્યાન યુ.કે.ની મુલાકાત કરી ત્યાં લોરીયસ સ્પોર્ટસ ફોર ગુડની મુખ્ય ઓફિસના સ્ટાફ સાથે શૈશવની પ્રવૃત્તિઓનો વાર્તાલાપ આપ્યો હતો. આ ઉપરાંત કોમીક રીલીફ, ગ્લોબલ ગીવીંગ અને અશોકા ઈન્ટરનેશનલ સંસ્થાઓની મુલાકાત ઉપરાંત શૈશવમાં સમયાંતરે આવેલ વોલન્ટીયર્સ સાથે જુદી જુદી મીટીંગો યોજાઈ હતી. તેમજ લફબરો સીટીના ગ્રુપના સભ્યો સાથે મીટીંગ ચર્ચા કરી હતી. આ ગ્રુપના સભ્યો ભાવનગરની લગભગ દર વર્ષે નિયમિત મુલાકાત લેતાં હોય છે.

આમ આ વિદેશ પ્રવાસ અનેક લોકોના સહયોગથી સફળ નીવડ્યો હતો.








# નેટવર્ક

- ૨૩ ઓક્ટોબરના રોજ બાળ અધિકાર સમુહ-ગુજરાતના કોર ગ્રુપના સભ્યોની મીટીંગમાં ફાલ્ગુનભાઈ ઉપસ્થિત રહ્યા હતા.
- ૮ અને ૯ ઓક્ટોબરના રોજ દિલ્હી ખાતે યોજાયેલ જીએસજી સમીટ કાર્યક્રમમાં શૈશવમાંથી પારૂલબહેને પ્રતિનિધિત્વ કર્યું હતું.
- બેંગ્લોર ખાતે વૈકલ્પિક શિક્ષણ અંગે ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ એજ્યુકેશન કોન્ફરન્સ ૧૫ થી ૨૦ નવેમ્બરના રોજ યોજાઈ હતી. તેમાં શૈશવમાંથી ઈશાબહેને પ્રતિનિધિત્વ કર્યું હતું.
- પંચગીની સ્થિત મોરલ રીઆર્મામેન્ટ સેન્ટરના ફેલો ભાવનગરની મુલાકાતે પધારી તા.૬ ઓક્ટોબરના રોજ શૈશવની વિવિધ કામગીરી નિહાળી હતી.
- ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ એજ્યુકેશન કોન્ફરન્સ ૧૫ થી ૨૧ નવેમ્બર દરમ્યાન બેંગ્લોરમાં યોજાઈ હતી, જેમાં શૈશવમાંથી ઈશાબહેને પ્રતિનિધિત્વ કર્યું હતું.
- બાળ અધિકાર સમૂહ-ગુજરાતના ઉપક્રમે તા.૧૪-૧૫-૧૬-૧૭ નવેમ્બરના રોજ બાળ અધિકાર સપ્તાહ નિમિત્તે અમદાવાદમાં બાળકો સાથે કાર્યરત સંસ્થાના કાર્યકરો તથા બાળકો સાથે કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા.



૧૪ નવેમ્બર રાષ્ટ્રીય બાલદિન નિમિત્તે તથા પૂ.ગાંધીજીની દોઢસોમી જન્મજયંતિ વર્ષના અનુસંધાનમાં ૧૧૦ બાળકો તથા કાર્યકરો સાથે વિવિધ રમતના માધ્યમથી 'ગાંધીજીનું બાળપણ અને હું' - રીફ્લેકટીવ પ્રશ્નો સાથે સ્વસંવાદ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે અમદાવાદમાં આવેલ સત્યાગ્રહ આશ્રમ-કોચરબ તથા સાબરમતી આશ્રમની મુલાકાત લેવામાં આવી હતી.

૧૫ અને ૧૬ નવેમ્બરના રોજ કુપોષણ અને બાળલગ્નના મુદ્દાઓ પર કાર્યકરો સાથે અભિયાન/ચળવળના કાર્યક્રમોના આયોજન કરવામાં આવ્યા હતા. આ અંગે રાઈટ ટૂ ફૂડ કેમ્પેઈનમાંથી સેજલબેન, ચેતના સંસ્થાના શ્રી ઈન્દુબેન કપૂર, મીનાક્ષીબેન તથા ગણતરમાંથી નિરૂપાબહેને વિશેષ વાર્તાલાપ આપ્યા હતા, જ્યારે ચર્ચાનું સંચાલન રાજેશભાઈએ કર્યું હતું.

જ્યારે ૧૫-૧૬-૧૭ નવેમ્બરના રોજ સમાંતરે બાળકો સાથે રાજ્યસ્તરના બાળ સંગઠન અંગેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં બાળ સંગઠન શા માટે ? એટલે શું ? સંગઠનના વિઝન/મિશન, કાર્યો વિષે બાળકો સાથે વિવિધ અનુભવ આધારિત એક્સરસાઈઝના માધ્યમથી પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી. આ સમગ્ર પ્રક્રિયા શૈશવમાંથી પારૂલબહેન-ફાલ્ગુનભાઈના માર્ગદર્શન હેઠળ અલ્પેશભાઈ, સંજયભાઈ, દક્ષાબહેને કરી હતી.

આ કાર્યક્રમમાં ૮૦ ઉપરાંત બાળકો તથા ૩૦ જેટલા કાર્યકરોએ ૯ સંસ્થામાંથી પ્રતિનિધિત્વ કર્યું હતું.



સમગ્ર કાર્યક્રમ આયોજન માટે સ્વપથ સંસ્થાના કાર્યકરો અને સ્વયંસેવકોએ વિશેષ જહેમત ઉઠાવી હતી તથા સેન્ટ ઝેવિયર્સ સોશ્યલ સર્વીસ સોસાયટીએ પોતાના સ્થળોનો ઉપયોગ કરવાની મંજૂરી આપી સહયોગ આપ્યો હતો જ્યારે યુનિસેફનો આર્થિક સહયોગ મળ્યો હતો.

## ચાઈલ્ડ લાઈન

ચાઈલ્ડ હેલ્પલાઈન-૧૦૯૮માં ઓક્ટોબર/નવેમ્બર-૨૦૧૮ દરમ્યાન નીચે મુજબની કામગીરી થઈ હતી.

- ઓક્ટોબર-નવેમ્બર-૨૦૧૮ દરમ્યાન ભાવનગરની અલગ અલગ ૭ સ્કૂલમાં ટીમ મેમ્બરો દ્વારા ૧૧૯૯ બાળકોને ચાઈલ્ડલાઈન-૧૦૯૮ની માહિતી આપવામાં આવી હતી તથા આચાર્ય અને શિક્ષકોને પણ બાળકોના અધિકાર બાબતે જાગૃતતા આવે તે હેતુથી તેઓ સાથે બાળ અધિકાર અંગે ચર્ચા કરી હતી.
- શહેરની ૧૩ આંગણવાડીના ૨૬ કાર્યકર અને હેલ્પર બહેનો તથા ૧૨૬ વાલીઓ સાથે મીટીંગ કરી ચાઈલ્ડ હેલ્પલાઈન-૧૦૯૮ તથા કાઉન્સેલીંગ સેન્ટરની માહિતી આપી હતી અને આંગણવાડીના ૩૭૭ બાળકોને રમતો રમાડી અને ચાઈલ્ડ લાઈનની સમજ આપી હતી. ૨ કોલેજના ૨૧૦ વિદ્યાર્થીઓને પણ ચાઈલ્ડ લાઈનની માહિતી આપી હતી.




- ઉપરાંત ૬ અલગ અલગ સંસ્થાઓના ટ્રસ્ટી તથા સભ્યો સાથે મીટીંગ કરી ચાઈલ્ડ હેલ્પલાઈન-૧૦૯૮ના કાર્ય વિશેની માહિતી આપી હતી અને નશાબંધી વિભાગ સાથે મળીને થોરડી ગ્રામ પંચાયત તથા ત્યાંના લોકનિર્માણ ટ્રસ્ટ દ્વારા એક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. થોરડી ગામના ૪૭૫ ઉપરાંત વ્યક્તિઓને ચાઈલ્ડ હેલ્પલાઈન વિશેની માહિતી આપી હતી તથા ૫૦૦ જેટલી પત્રિકાનું વિતરણ કર્યું હતું અને ૧૫ જેટલા સ્ટીકરો લગાવ્યા હતા.
- ૧૪ થી ૨૦ નવેમ્બર 'ચાઈલ્ડ રાઈટ વીક' અંતર્ગત 'ચાઈલ્ડ લાઈન સે દોસ્તી'ની ઉજવણીના ભાગરૂપે અઠવાડિયા દરમ્યાન ૩૦ જેટલા અલગ-અલગ વિસ્તારોમાં જઈને ૭૫૦૦ જેટલી પત્રિકાઓનું વિતરણ કરેલ તથા બોરતળાવ બાલવાટિકા ખાતે અને સરદારબાગ (પીલગાર્ડન) ખાતે મોબાઈલ વાન દ્વારા અલગ-અલગ વિસ્તારના બાળકોને લાવી અને દાંડીકૂચની રંગપુરણી, જીવનની નદી, જીવનનું વૃક્ષ જેવી પ્રવૃત્તિઓ કરાવી હતી તથા રમતો રમાડી હતી અને ચાઈલ્ડ રાઈટ વીકની ઉજવણીની વાત કરી હતી. ઉપરાંત અઠવાડિયા દરમ્યાન રેલ્વે સ્ટેશન, બોરતળાવ, સરદારનગર સર્કલ તથા પીલગાર્ડન ખાતે બાળ અધિકાર પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું અને કુંભારવાડા તથા ખોડિયાર ચોક અને ગોપાલનગર ખાતે બાળકો અને ટીમ મેમ્બરો દ્વારા રેલીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું જેમાં બાળ અધિકારના સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. આ અઠવાડિયા દરમ્યાન ૧૪૫૬ બાળકો અને ૬૭૮૨ વયસ્કો મળીને કુલ ૮૨૩૮ લોકોનો સંપર્ક થયો હતો.

ચાઈલ્ડ રાઈટ વીક દરમ્યાન અકવાડા ગામની મુલાકાત કરી ત્યાંના રહિશો અને બાળકોને પણ ચાઈલ્ડ હેલ્પલાઈન અને બાળ અધિકારની માહિતી આપી હતી. ૫૦૦ ઉપરાંત વ્યક્તિઓ તથા ૨૦૦ ઉપરાંત બાળકોને આવરી લેવામાં આવ્યા હતા અને બાળકો દ્વારા ગામમાં સુત્રોચ્ચાર સાથે રેલીનું આયોજન કરવામાં આવેલ અને ટીમ મેમ્બરો દ્વારા પત્રિકા વિતરણ કરાયું હતું.

અઠવાડિયાના કાર્યક્રમની પ્રેસનોટ સૌરાષ્ટ્ર સમાચાર, આજકાલ તથા ગુજરાત સમાચારમાં આવી હતી અને કાર્યક્રમનું સંકલન સમય-મીડિયા તથા ગેલેક્ષી અને સૌરાષ્ટ્ર મીડિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

- ઓક્ટોબર-નવેમ્બર દરમ્યાન ભાવનગરના જુદા જુદા ૨૨ વિસ્તારોમાં જઈને ૫૯૦ બાળકો સાથે પ્રવૃત્તિ કરી હતી તથા ૨૫ કોમ્યુનીટી મીટીંગ દ્વારા ૧૦૮ બાળકો અને ૩૪૭ ભાઈઓ-બહેનોને ચાઈલ્ડ હેલ્પલાઈન-૧૦૯૮ વિશે માહિતગાર કર્યા હતા તથા ૧૫ વિસ્તારમાં સીપીસી મીટીંગ કરી હતી અને વિસ્તારના પ્રશ્નોની ચર્ચા કરી હતી. તેમાં ગટર, રોડ, પાણી અને સ્ટ્રીટ લાઈટના પ્રશ્નો મુખ્ય હતા. તેના ઉકેલ માટે વિસ્તારના રહિશો દ્વારા કોર્પોરેશનના જે-તે વિભાગમાં જઈને અરજી કરી અને રજૂઆત કરવાનું નક્કી થયું હતું અને તે માટે આગળની પ્રોસેસ આવતી મીટીંગમાં કરવા જણાવ્યું હતું.
- ઓક્ટોબર-નવેમ્બર દરમ્યાન કુલ ૨૦ કેસો આવેલા જેમાં ૧૮ કેસ ફોન દ્વારા તથા ૨ આઉટરિચ દ્વારા હતા. જેમાં શેલ્ટર, પ્રોટેકશન, એબ્યુઝ, લીન્કીંગ વીથ સ્કીમ, ઈએસ એન્ડ જી તથા સ્પોન્સરશીપના મુખ્ય હતા. જેમાંથી ૧૪ કેસનું નિરાકરણ થયેલ અને ૬ કેસમાં કાર્યવાહી ચાલી રહી છે.
- ઓક્ટોબર-નવેમ્બર દરમ્યાન કુલ ૩ ઓપન હાઉસ કરવામાં આવ્યા હતા જેમાં કુલ ૧૫૩ બાળકો સામેલ થયા હતા.
- તદઉપરાંત ચાઈલ્ડ ઈન્ડિયા ફાઉન્ડેશન આયોજીત અને રિલાયન્સ ફાઉન્ડેશનના સહયોગથી અમદાવાદ ખાતે મહારાષ્ટ્ર, ગોવા અને ગુજરાતની ચાઈલ્ડ લાઈનના કો-ઓર્ડિનેટરો માટે બે-બે દિવસીય વર્કશોપ યોજાયો હતો.

જેમાં ચાઈલ્ડ સેક્સયુઅલ એબ્યુઝ અને ઓનલાઈન સેફટીના મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી.

ચાઈલ્ડ સેક્સયુઅલ એબ્યુઝ પર બચપન બચાવોના પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર શીતલબેન અને દામીનીબેન દ્વારા અને ઓનલાઈન સેફટી ઉમેષાભાઈ દ્વારા તાલીમ આપવામાં આવી હતી. જેમાં ભાઈઓ અને બહેનો મળીને કુલ ૧૦ જેટલા સહભાગીઓ જોડાયા હતા.



# બાલસેના

- બાળકોના સંગઠન-બાલસેનામાં અનેકવિધ પ્રવૃત્તિઓ થાય છે. એમાં પણ વિશેષ કરીને કિશોરીઓને સ્વરક્ષણ અંગેની વિશેષ 'વેનલીડો' તાલીમ નિયમિત યોજવામાં આવતી હોય છે. ઓક્ટોબર અને નવેમ્બર માસ દરમ્યાન ૮ થી ૧૨ વર્ષની વય જૂથની કિશોરીઓ માટે ૪ તાલીમ યોજાઈ જેમાં ૭૦ તથા ૧૩-૧૫ વર્ષની વય જૂથની ૨૬ કિશોરીઓ સાથે એક તાલીમ મળીને કુલ ૫ તાલીમ યોજાઈ હતી.

> એ ૧૨ વર્ષની દિકરી કૃષ્ણા ચિત્રામાં રહે. સ્વરક્ષણની દરેક તાલીમમાં જોડાય ! એને પૂછ્યું કે 'તું દરેક તાલીમમાં જોડાય છે ?' ... તો એણે જવાબ મળ્યો, 'મારે પણ તમારી જેમ તાલીમ આપતા થવું છે. બીજી છોકરીઓને શીખવાડી શકું !'
>
> એ પોતે તો ચાલે, અન્ય કિશોરીઓને પણ પ્રોત્સાહન આપી સામેલ કરે ! ભવિષ્યમાં એ તાલીમકાર બને તે માટે અમે પ્રોત્સાહિત કરી રહ્યા છીએ.



- તા. ૦૭-૧૦ અને ૧૨-૧૦ ના ભુગોળ બાળમેળામાં કુલ ૪ ઝોનના ૧૫૧ છોકરા અને ૧૧૪ છોકરી મળીને કુલ ૨૬૫ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં ગુજરાત અને ભારતની ભૌગોલીક પરિસ્થિતિ વિશે પ્રવૃત્તિ દ્વારા શીખવવામાં આવ્યું હતું.
- ૧૦ ઓક્ટોબરના રોજ બાળકો સાથે ચાઈલ્ડ સેફટી વોકની તાલીમ દ્વારા અસુરક્ષિત વિસ્તારો-જગ્યાઓ ઓળખવી અને તેના ઉકેલ માટે કાર્ય કરવા અંગેની તાલીમ આપવામાં આવી હતી.

  ૧૪ ઓક્ટોબરના રોજ નેતૃત્વના કૌશલ્ય અંગેની તાલીમ યોજવામાં આવી હતી. આ બન્ને શિબિરમાં કુલ ૧૬૪ બાળકો સહભાગી થયા હતા.

- તહેવારોની ઉજવણી અંતર્ગત તા.૧૧-૧૦-૨૦૧૮ અને ૧૨-૧૦-૨૦૧૮ના રોજ નવરાત્રિ કાર્યક્રમનું બાળકો દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ૩ ભાગમાં યોજવામાં આવ્યા હતા. ગૌશાળા ઝોન, કુંભારવાડા ઝોન અને ચિત્રા-ફુલસર ઝોનના મળી કુલ ૨૨૩ બાળકોમાંથી ૧૩૧ છોકરા અને ૯૨ છોકરી ઉપરાંત કુલ ૩૫ વાલીઓ જેમાં ૧૯ ભાઈઓ તથા ૧૬ બહેનો સહભાગી થઈને ગરબે રમ્યા હતા. જેમાં ચિત્રા-ફુલસર વિસ્તારના વાલીઓએ નવરાત્રિ કાર્યક્રમ માટે પોતાની સાઉન્ડ સિસ્ટમ અને લાઈટ વાપરવા આપી અને સુંદર સહકાર આપ્યો હતો.
- કિશોરાવસ્થામાં થતાં શારીરિક અને માનસિક અને ભાવનાત્મક ફેરફારોને ધ્યાનમાં લઈને કિશોર-કિશોરીઓ સાથે નિયમિત પ્રવૃત્તિઓ કરવામાં આવે છે જેમાં આ માસ દરમ્યાન કુલ ૧૬ વિસ્તારોમાં કિશોર મંડળ કરવામાં આવ્યા. જેમાં ૧૧૮ કિશોરો અને ૧૦૨ કિશોરીઓ સાથે તા.૨૦ ઓક્ટોબરના રોજ સ્વપરિચય અને સુરક્ષા કવચના મુદ્દાઓ પર પ્રવૃતિઓ યોજવામાં આવી હતી.
- શહેરના અલગ-અલગ વિસ્તારો તથા શાળાઓમાં થતી અઠવાડીક-પખવાડીક નિયમિત પ્રવૃત્તિઓના ભાગરૂપે આ બે મહિના દરમ્યાન બાળકો સાથે વિવિધ અનુભવ આધારિત પ્રવૃત્તિઓ દ્વારા નિર્ણય શક્તિ, ધ્યાન કેન્દ્રીત કરવું, સામુહિક ભાવના, અવલોકન કરવું, સાંભળવવાનું કૌશલ્ય જ્યારે મુદ્દાઓની તાલીમ આપવામાં આવી હતી. આ નિયમિત પ્રવૃત્તિઓના સરાસરી કુલ ૨૬૫ ઉપરાંત બાળકોએ ભાગ લીધો હતો.




❖ ☐ ❖ ☐ ❖ ☐ ❖ ☐ ❖ ☐ ❖ ☐ ❖ ☐ ❖


**શૈશવ : બી-૩, સરદાર પટેલ મ્યુનિ. શોપીંગ સેન્ટર, સરદારનગર સર્કલ, ભાવનગર-૩૬૪૦૦૧,**

**ફોન નં. : ૦૨૭૮-૨૫૬૮૫૬૧**

**email : info@shaishavchildrights.org**

**www.shaishavchildrights.org**